Hodgkin lymphoma: Gujarati

# હોજકિન લીમ્ફોમા (HL)

## હોજકિન લીમ્ફોમા શું છે?

હોજકિન લીમ્ફોમા એ લીમ્ફેમેટિક સિસ્ટમનું એક કેન્સર છે. લીમ્ફેમેટિક સિસ્ટમ એ શરીરના રોગપ્રતિકારક તંત્રનો એક ભાગ છે. લીમ્ફોમા સફેદ રક્તકણોમાંથી વિકસિત થાય છે જેને લીમ્ફોસાઈટ્સ કહેવામાં આવે છે.

હોજકિન લીમ્ફોમા લગભગ શરીરના કોઈપણ ભાગમાં શરૂ થઈ શકે છે. પણ સામાન્ય રીતે તે લીમ્ફ નોડ્સમાં શરૂ થાય છે. ગળામાં લીમ્ફ નોડ્સ એ સૌથી સામાન્ય ભાગ છે. શરીરના આજુબાજુના જુદા જુદા ભાગોમાં લીમ્ફ નોડ્સની અસર થઈ શકે છે.

લીમ્ફોમા કેવી રીતે વિકસિત થાય છે એ વિશે અમારી પાસે વધુ જાણકારી છે.

UK માં દર વર્ષે આશરે 2,100 લોકોને હોજકિન લીમ્ફોમા હોવાનું નિદાન કરવામાં આવે છે. હોજકિન લીમ્ફોમા કોઈપણ ઉંમરે થઈ શકે છે. લોકોને તેમની કિશોરાવસ્થાથી શરૂ કરી 20 વર્ષ પૂરા કરતા પહેલાના કોઈપણ તબક્કે અસર કરતા સૌથી સામાન્ય કેન્સરોમાંનું આ એક છે.

નોન-હોજકિન લીમ્ફોમા (NHL) નામના બીજા એક કેન્સર વિશે અમારી પાસે અલગથી માહિતી છે.

# હોજકિન લીમ્ફોમાના પ્રકારો

હોજકિન લીમ્ફોમાના મુખ્ય બે પ્રકારો છે. માઈક્રોસ્કોપમાં અમુક લીમ્ફોમાનું પરીક્ષણ કરીને ડૉક્ટર તમને કહી શકશે કે તમને ક્યા પ્રકારનો લીમ્ફોમા છે.

## ક્લાસિકલ હોજકિન લીમ્ફોમા

હોજકિન લીમ્ફોમાનો આ એક સૌથી સામાન્ય પ્રકાર છે. તમામ પ્રકારના હોજકિન લીમ્ફોમામાં 10 માંથી લગભગ 9 (90%) ને આ પ્રકારનો લીમ્ફોમા હોય છે. માઈક્રોસ્કોપમાં કોષો કેવા દેખાય છે એને આધારે ક્લાસિકલ હોજકિન લીમ્ફોમાના ચાર પેટા પ્રકારો છે.

- નોડ્યુલર સ્ક્લેરોસિંગ
- મિક્સ્ડ સેલ્યુલારિટી
- લીમ્ફોસાઈટ-ડીપ્લેટેડ
- લીમ્ફોસાઈટ-રિચ

આ બધા પેટા પ્રકારોની સારવાર એકસરખી રીતે થાય છે.

## નોડ્યુલર લીમ્ફોસાઈટ પ્રીડોમિનન્ટ હોજકિન લીમ્ફોમા (NLPHL)

હોજકિન લીમ્ફોમાનો આ એક ભાગ્યે જ જોવા મળતો પ્રકાર છે. NLPHL ક્લાસિકલ હોજકિન લીમ્ફોમા કરતા જુદી રીતે વિકસે છે અને સારવાર થાય છે. ક્લાસિકલ હોજકિન લીમ્ફોમા કરતા તે ધીમે ધીમે વધે છે.

NLPHL ભાગ્યે જ નોન-હોજકિન લીમ્ફોમા (NHL) પ્રકારમાં ફેરવાઈ શકે છે. જો એમ થાય તો એની સારવાર હોજકિન લીમ્ફોમા તરીકે નહિ પણ NHL તરીકે કરવામાં આવે છે.

# હોજકિન લીમ્ફોમાના લક્ષણો

લીમ્ફોમાના સૌથી સામાન્ય લક્ષણો છે ગરદન, બગલ અથવા જંઘામૂળની આસપાસના ભાગોમાં લીમ્ફ નોડ્સ (સ્નાયુકોષોની ગાંઠો)માં દુખાવારહિત સોજો.

લીમ્ફોમાના ચિહ્નો અને લક્ષણો વિશે અમારી પાસે વધુ જાણકારી છે.

# હોજકિન લીમ્ફોમાના કારણો

હોજકિન લીમ્ફોમાના કારણો મોટાભાગે અજ્ઞાત હોય છે. પણ કેટલીક વસ્તુઓ તેને વિકસિત થવાનું જોખમ વધારી શકે છે. આને જોખમના પરિબળો કહેવામાં આવે છે.

હોજકિન લીમ્ફોમાના જોખમના પરિબળો અને કારણો વિશે અમારી પાસે વધુ જાણકારી છે.

# હોજકિન લીમ્ફોમાનું નિદાન

જો તમારામાં લક્ષણો છે તો સામાન્ય રીતે તમે તમારા જનરલ પ્રેક્ટિશનર પાસે તપાસ કરાવડાવીને શરૂ કરી શકો છો. જો તમને લાગે કે તમારા લક્ષણો કેન્સરને લીધે હોઈ શકે છે, તો તેઓ તમારો બ્લડ ટેસ્ટ અથવા સ્કેન કરવાની વ્યવસ્થા કરી શકે છે. પરીક્ષણો અને વિશેષજ્ઞોની સલાહ અને સારવાર માટે તમારા ડૉક્ટર તમને હોસ્પિટલમાં રિફર કરશે.

જો તમને લાગતું હોય કે તમે સગર્ભા છો તો તમારા ડૉક્ટરને જણાવો. લીમ્ફોમાના અમુક પરીક્ષણો અને સારવાર ગર્ભમાંના બાળક માટે હાનિકારક હોઈ શકે છે. સામાન્ય રીતે જો તમે સગર્ભા છો, તો પણ તમે લીમ્ફોમાના પરીક્ષણો અને સારવાર કરાવી શકો છો. પણ તમારા ડૉક્ટર સાથે વાત કરવી અગત્યની છે જેથી કરીને તેઓ તમારી સારવારમાં સલામતી માટે આયોજન કરી શકે.

## લીમ્ફોમા માટે બાયોપ્સી

લીમ્ફોમાનું નિદાન કરવા માટેનું સૌથી મહત્ત્વપૂર્ણ પરીક્ષણ છે બાયોપ્સી.બાયોપ્સી માં તમારા શરીરમાંથી ટિસ્યુ (સ્નાયુકોષ)નો એક નાનકડો ટુકડો અથવા કોષોનો નમૂનો માઈક્રોસ્કોપમાં પરીક્ષણ કરવા માટે લેવામાં આવે છે.

પેથોલોજિસ્ટ તરીકે ઓળખાતા ડૉક્ટર દ્વારા માઈક્રોસ્કોપમાં આ ટિસ્યુનું પરીક્ષણ કરવામાં આવે છે.  તેઓ લીમ્ફોમા કોષોની તપાસ કરે છે અને કોષો પર જુદા જુદા પરીક્ષણો કરે છે.

## લીમ્ફોમા માટેના વધુ પરીક્ષણો

તમારી સારવાર શરુ કરવામાં આવે એ પહેલા તમારે એક કે તેથી વધુ પરીક્ષણો કરાવવાના રહેશે. કેટલાક પરીક્ષણો લીમ્ફોમાનું સ્ટેજ જોવામાં મદદ કરે છે.

તમારું સામાન્ય સ્વાસ્થ્ય તપાસવા અને તમારું હૃદય, ફેફસા, લિવર અને કિડની કેટલી સારી રીતે કામ કરે છે એ જોવા તમારે કેટલાક અન્ય પરીક્ષણો પણ કરાવવા પડી શકે છે, જેમ કે બ્લડ ટેસ્ટ અથવા  એક્સ-રે વગેરે.

દાખલા તરીકે, તમારા બ્લડમાં જુદા જુદા રક્ત કોષોનું પ્રમાણ જાણવા માટે તમારા ડૉક્ટર બ્લડ ટેસ્ટ કરશે.  તેઓ કેટલાક ચોક્કસ વાઈરસ જેમ કે HIV અને હિપેટાઈટિસ વગેરેની તપાસ માટે બ્લડ ટેસ્ટ કરાવવા અંગે પણ તમારી સાથે વાત કરી શકે છે.

તમારે નીચેનામાંથી અમુક પરીક્ષણો કરાવવા પડી શકે છે:

### CT સ્કેન

CT સ્કેન એ CT સ્કેનર દ્વારા લેવામાં આવેલ એક્સ-રેનો ઉપયોગ કરીને તમારા શરીરના અંદરના ભાગોનું એક ત્રિપરિમાણીય (3D) ચિત્ર બનાવે છે.

### અલ્ટ્રાસાઉન્ડ

અલ્ટ્રાસાઉન્ડ એ આંતરિક અંગોનું ચિત્ર રચવા માટે ધ્વનિ તરંગોનો ઉપયોગ કરે છે. બાયોપ્સીમાં માર્ગદર્શન માટે તેનો ઉપયોગ કરી શકાય છે. આ સ્કેન તેમને ચોક્કસ જગ્યામાં માર્ગદર્શન આપવામાં મદદ કરે છે.

### PET-CT સ્કેન

PET-CT સ્કેન શરીરના જુદા જુદા ભાગોમાં કોષોની ગતિવિધિ તપાસવા માટે ઓછા તીવ્ર રેડિએશનનો ઉપયોગ કરે છે. અમુક વાર તે CT સ્કેનની સાથે આપવામાં આવે છે. તેને PET-CT સ્કેન કહેવામાં આવે છે.

### MRI સ્કેન

MRI સ્કેન તમારા શરીરના ભાગોનું વિસ્તૃત ચિત્ર રચવા માટે મેગ્નેટિઝમનો ઉપયોગ કરે છે.

### બોન મેરો (અસ્થિ મજ્જા) સેમ્પલ

થાપાના હાડકા (પેલ્વિસ) ની પાછળના ભાગેથી બોન મેરો (અસ્થિ મજ્જા) નું નાનકડું સેમ્પલ લેવામાં આવે છે. અસાધારણ કોષોની તપાસ કરવા માટે સેમ્પલને લેબોરેટરીમાં મોકલવામાં આવે છે.

પરીક્ષણના પરિણામ સુધી રાહ જોવી એ કપરો સમય હોઈ શકે છે, એમાં મદદ કરી શકાય એ માટે અમારી પાસે વધુ જાણકારી છે.

# હોજકિન લીમ્ફોમાના સ્ટેજીસ

લીમ્ફોમાનું પ્રમાણ જાણવાથી તમારા ડૉક્ટરને યોગ્ય સારવામાં મદદ મળી રહે છે. આને સ્ટેજીંગ કહેવામાં આવે છે.

હોજકિન લીમ્ફોમાના સ્ટેજીસ વિશે અમારી પાસે વધુ માહિતી છે.

# હોજકિન લીમ્ફોમાની સારવાર

તમારા માટે શક્યત: શ્રેષ્ઠ સારવારની ચર્ચા કરવા માટે નિષ્ણાતોની એક ટીમ બેઠક કરશે. આને મલ્ટિડિસિપ્લીનરી ટીમ (MDT) કહેવામાં આવે છે.

તમારા ડૉક્ટર અથવા કેન્સર સ્પેશિયાલિસ્ટ અથવા નર્સ જુદી જુદી સારવાર અને તેની આડસરો વિશે તમને સમજાવશે. સારવારનો નિર્ણય લેતી વખતે ધ્યાનમાં લેવાની બાબતો વિશે પણ તેઓ તમારી સાથે વાત કરશે.

હોજકિન લીમ્ફોમાની સારવાર તમને ક્યા પ્રકારનો હોજકિન લીમ્ફોમા છે અને ક્યા સ્ટેજ પર છે તેના પર આધાર રાખશે. આમાં નીચેનામાંથી એક કે વધુ સારવારનો સમાવેશ થઈ શકે છે:

### થોભો અને રાહ જુઓ

જો તમને નોડ્યુલર લીમ્ફોસાઈટ પ્રીડોમિનન્ટ હોજકિન લીમ્ફોમા (NLPHL) છે, તો તમારા ડૉક્ટર તમને સારવાર કરવા માટે રાહ જોવાની સલાહ આપી શકે છે. આને થોભો અને રાહ જુઓ કહેવામાં આવે છે.

### કિમોથેેેરેપી

લીમ્ફોમાની સારવાર કરવા માટે મોટા ભાગે કિમોથેરેપીનો ઉપયોગ કરવામાં આવે છે. કિમોથેરાપી લીમ્ફોમા કોષોનો નાશ કરવા કેન્સર વિરોધી (સાયટોટોક્સિક) દવાઓનો ઉપયોગ કરે છે. તમને સ્ટીરોઇડ્સ સાથે અને અમુક વાર લક્ષિત થેરેપી દવાઓ સાથે કિમોથેરેપી આપવામાં આવી શકે છે.

### સ્ટીરોઇડ્સ

લીમ્ફોમાની સારવાર કરવામાં મદદ મળે એ માટે સ્ટીરોઇડ્સ કિમોથેરેપી સાથે આપવામાં આવે છે.

### રેડિયોથેરેપી

રેડિયોથેરેપી અત્યંત તીવ્રતા ધરાવતા કિરણોનો ઉપયોગ કરીને કેન્સરની સારવાર કરે છે જે કેન્સર કોષોનો નાશ કરે છે અને આમ કરતી વખતે સામાન્ય કોષોને શક્ય એટલું ઓછું નુકસાન કરે છે. તે લીમ્ફોમાથી ગ્રસિત લીમ્ફ નોડ્સના ગૃપને આપવામાં આવે છે.

## લક્ષિત ઉપચારો

લક્ષિત થેરેપી કેન્સર કોષોને શોધી અને તેના પર હુમલો કરે છે. ઈમ્યુનોથેરેપી નામની કેટલીક ચોક્કસ દવાઓ પણ કેન્સર કોષોનો નાશ કરવા માટે રોગપ્રતિકારક તંત્રનો ઉપયોગ કરે છે. તમે આ દવા એકલી અથવા કિમોથેરેપી સાથે લઈ શકો છો.

## સ્ટેમ સેલ પ્રત્યારોપણ

અમુક લોકોમાં સ્ટેમ સેલ પ્રત્યારોપણ કરવામાં આવી શકે છે. સ્ટેમ સેલ પ્રત્યારોપણ એક સઘન સારવાર છે, તેથી તે દરેક વ્યક્તિ માટે સાનુકૂળ નથી. તમે નીચેનાનો ઉપયોગ કરીને પ્રત્યારોપણ કરાવી શકો છો:

- તમારા પોતાના સ્ટેમ સેલ્સ (ઓટોલોગસ સ્ટેલ સેલ પ્રત્યારોપણ)
- દાતાના સ્ટેમ સેલ્સ (એલોજેનિક સ્ટેમ સેલ પ્રત્યારોપણ).

હોજકિન લીમ્ફોમાની સારવાર વિશે અમારી પાસે વધુ માહિતી છે.

ક્લિનિકલ ટ્રાયલ ના ભાગ રૂપે તમને અમુક સારવાર આપવામાં આવી શકે

છે.

# હોજકિન લીમ્ફોમાની સારવાર પછી

તમારી સારવાર પછી તમને નિયમિત ફોલો-અપ અપોઈન્ટમેંટ્સ લેવાની રહેશે.  આ અપોઈન્ટમેંટ્સમાં તમને કોઇ મુશ્કેલી હોય તો એ વિશે તમે તમારા ડૉક્ટર અથવા નર્સ સાથે વાત કરી શકો છો. તમારા ડૉક્ટર એ જાણવા માગશે કે તમને કેવું લાગી રહ્યું છે, અને સારવારની કોઇ આડઅસરોમાંથી તમે બહાર આવી રહ્યા છો કે નહિ એની તપાસ કરશે.

## મોડી આડઅસરો

કેટલીક આડઅસરો સારવાર પછી મહિના અથવા વર્ષો સુધી ચાલું રહી શકે છે અથવા વિકસિત થઈ શકે છે. આને મોડી આડ અસરો કહેવાય છે. લીમ્ફોમાની સારવારની લાંબા-ગાળાની અને મોડેથી થતી આડઅસરો વિશે અમારી પાસે વધુ માહિતી છે.

## જાતીય જીવન અને ફળદ્રુપતા

કેન્સર અને એની સારવાર અમુક્વાર તમારા જાતીય જીવનને અસર કરે છે. તમારી જાતીય સુખાકારી સુધારવા અને તમને કોઇ સમસ્યાઓ હોય તો એને નિયંત્રણમાં લેવાના ઉપાયો છે.

લીમ્ફોમાની સારવાર તમારી ફળદ્રુપતાને અસર કરી શકે છે. જો તમે આ અંગે ચિંતિત છો, તો તમે સારવાર શરૂ કરતા પહેલાં તમારા ડૉક્ટર સાથે વાત કરવી મહત્વપૂર્ણ છે. અમારી પાસે તેના વિશે વધુ માહિતી છે:

- મહિલાઓ માટે સારવાર પછી ફળદ્રુપતા
- પુરૂષો માટે સારવાર પછી ફળદ્રુપતા.

## સુખાકારી અને રિકવરી

તમારી જીવનશૈલિ આરોગ્યપ્રદ હોય તો પણ, સારવાર પછી તમારે જીવનશૈલિમાં કેટલાક સકારાત્મક ફેરફારો  કરવાનું પસંદ કરવું પડી શકે છે.

સારી રીતે આહાર લેવો અને પોતાની જાતને સક્રિય રાખવા જેવા અમુક નાનકડા ફેરફારો કરવાથી તમારા સ્વાસ્થ્ય અને સુખાકારીમાં સુધારો થઇ શકે છે અને તમારા શરીરને બિમારીમાંથી બહાર લાવવામાં મદદ મળી શકે છે.

## સહયોગ મેળવવો

બિમારી અને જુદી જુદી લાગણીઓના અનુભવનો સામનો કરવાની દરેક વ્યક્તિની પોતપોતાની રીતો હોય છે. તમારા પરિવારજનો અને મિત્રો અથવા તમારા ડૉક્ટર કે નર્સ સાથે વાત કરવાથી તમને આમાં મદદ મળી શકે છે.

મેકમિલન ભાવનાત્મક, વ્યવહારિક અને નાણાકીય મદદ અને સહયોગ આપી શકશે.; જો તમે વાત કરવા માગતા હોવ, તો તમે:

- 0808 808 00 00 પર મેકમિલન સપોર્ટને કોલ કરી શકો છો.
- અમારા વિશેષજ્ઞો સાથે ઓનલાઇન વાત કરી શકો છો.
- હોજકિન લીમ્ફોમાથી પીડિત લોકો સાથે વાત કરવા અમારા હોજકિન લીમ્ફોમા ફોરમની મુલાકાત લો, તમારા અનુભવોની આપ-લે કરો, અને અમારા નિષ્ણાતોને તમારા પ્રશ્નો પૂછો.

નીચેના સંગઠનો પણ માહિતી અને સહયોગ આપે છે:

### Blood Cancer UK

Blood Cancer UK લીમ્ફોમા સહિત બ્લડ કેન્સરથી પીડિત લોકોને સહયોગ અને માહિતી આપે છે.

### Lymphoma Action

Lymphoma Action હોજકિન લીમ્ફોમા અથવા નોન-હોજકિન લીમ્ફોમાથી પીડિત અને તેમની નજીકના લોકોને ભાવનાત્મક સહયોગ, સલાહ અને માહિતી આપે છે. તેમાં સ્થાનિક જૂથો ઉપરાંત લીમ્ફોમાં ધરાવતા લોકોનું રાષ્ટ્રિય નેટવર્ક છે. તેમની વેબસાઈટમાં trialslink નામનો એક વિભાગ છે, જ્યાં તમે લીમ્ફોમા ક્લિનિકલ ટ્રાયલ વિશે વધુ માહિતી જોઈ શકો છો.

# અમારા વિશે માહિતી

## સંદર્ભો

અમારી હોજકિન લીમ્ફોમા (HL) માહિતીમાં ઉપયોગમાં લેવાતા સ્ત્રોતોનો એક નમૂનો નીચે આપેલ છે. અમારા દ્વારા ઉપયોગમાં લેવાતા સ્ત્રોતો વિશે વધુ માહિતી માટે, કૃપા કરી cancerinformationteam@macmillan.org.uk પર અમારો સંપર્ક કરો

હોજકિન લીમ્ફોમા: નિદાન, સારવાર અને ફોલો-અપ માટે ESMO ક્લિનિકલ પ્રેક્ટિસ ગાઈડલાઈન્સ; યૂરોપિયન સોસાયટી ફોર મેડિકલ ઓન્કોલોજી(2018).

નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ હેલ્થ એન્ડ કેર એક્સેલન્સ (NICE). બ્લડ એન્ડ બોન મેરો કેન્સર્સ. NICE Pathways. છેલ્લું એક્સેસ 3 ડિસેમ્બર 2020.

## સમીક્ષકો

આ માહિતી મેકમિલન કેન્સર સપોર્ટ (Macmillan Cancer Support)ની કેન્સર માહિતી વિકાસ ટીમ દ્વારા લખવામાં, સુધારવામાં અને સંપાદિત કરવામાં આવેલ છે. તેની સમીક્ષા તબીબી નિષ્ણાતો અને આરોગ્ય વ્યવસાયિકો અને કેન્સર પીડિત લોકો દ્વારા કરવામાં આવેલ છે. તેને સિનિયર મેડિકલ એડિટર્સ ડૉ. એની પાર્કર, કન્સલ્ટન્ટ હીમેટોલોજિસ્ટ; અને પ્રોફેસર રજનિશ ગુપ્તા, મેકમિલન કન્સલ્ટન્ટ મેડિકલ ઓન્કોલોજિસ્ટ દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

અમારી કેન્સર માહિતીને PIF TICK થી પુરસ્કૃત કરવામાં આવેલ છે. પેશન ઈન્ફોર્મેશન ફોર્મ દ્વારા નિર્મિત કરાયેલ, આ ગુણવત્તા ચિહ્ન દર્શાવે છે કે વિશ્વસનિય સ્વાસ્થ્ય માહિતી માટે અમે PIFના 10 માપદંડો પરિપૂર્ણ કરીએ છીએ.

**તમારા માટે યોગ્ય સાર-સંભાળ અને સહાયતા પ્રાપ્ત કરવી**

જો તમને કેન્સર છે અને તમે અંગ્રેજી બોલતા આવડતું નથી, તો તમને ચિંતા થઈ શકે છે કે આનાંથી તમારી કેન્સરની સારવાર અને સાર-સંભાળને અસર પહોંચશે. પરંતુ તમારી આરોગ્ય સાર-સંભાળ ટીમ તમારી જરૂરિયાતો પુરી પાડતી હોય એવી સાર-સંભાળ, સહયોગ અને માહિતી તમને આપશે.

અમને ખબર છે કે ક્યારેક લોકોને યોગ્ય સહયોગ મેળવવામાં વધારાનાં પડકારોનો સામનો કરવો પડી શકે છે. દાખલા તરીકે, જો તમે કામ કરતી વ્યક્તિ છો અથવા તમારો પરિવાર છે તો હોસ્પિટલ એપોઈન્ટમેન્ટ્સમાં જવા માટે સમય ફાળવવાનું મુશ્કેલ બની શકે છે. તમે નાણા અને પરિવહન ખર્ચાઓથી પણ ચિંતિતિ હોઈ શકો છો. આ બધુ તણાવપૂર્ણ હોઈ શકે છે અને તેનો સામનો કરવો મુશ્કેલ બની શકે છે.

પરંતુ મદદ ઉપલબ્ધ છે. અમારી સપોર્ટ લાઈન તમારી પરિસ્થિતિ વિશે તમારી ભાષામાં સલાહ આપી શકે છે. તમે નર્સો, નાણાકીય સલાહકારો, સ્વાસ્થ્ય-સુખાકારી અધિકાર સલાહકાર અને વર્ક સપોર્ટ સલાહકાર સાથે વાત કરી શકો છો. અમે કેન્સર પીડિત લોકોને મૅકમિલન અનુદાન (Macmillan Grants) પણ આપીએ છીએ. આ એક વખતની ચૂકવણીઓ છે જેનો ઉપયોગ હોસ્પિટલ પાર્કિંગ, મુસાફરી ખર્ચ, બાળસંભાળ અથવા વીજ સપ્લાય બિલો જેવી વસ્તુઓ માટે કરી શકાય છે.

**મેકમિલન સાથે તમારી ભાષામાં વાત કરો**

તમે 0808 808 00 00 પર મૅકમિલન (Macmillan)ને વિનામૂલ્યે કૉલ કરી શકો છો અને દુભાષિયાની મદદથી અમારી સાથે તમારી ભાષામાં વાત કરી શકો છો. તમારી ચિંતા અને તબીબી પ્રશ્નો વિશે તમે અમારી સાથે વાત કરી શકો છો. જ્યારે તમે ફોન કરો ત્યારે અંગ્રેજીમાં ફક્ત તમારી ભાષા જણાવો. અમે અઠવાડિયામાં 7 દિવસ, સવારે 8 વાગ્યાથી રાત્રે 8 વાગ્યા સુધી કાર્યરત છીએ.

સમીક્ષા કરી: 01 માર્ચ 2021 | આગામી સમીક્ષા: 01 માર્ચ 2024

© મૅકમિલન કેન્સર સપોર્ટ (Macmillan Cancer Support) 2022, ઇંગ્લેન્ડ અને વેલ્શ (261017), સ્કોટલેન્ડ (SC039907) અને આઇલ ઑફ મેન (604) માં રજિસ્ટર્ડ ચેરિટી. ઉત્તરી આયર્લૅન્ડમાં પણ કાર્યરત છે. ઇંગ્લેન્ડ અને વેલ્શમાં કંપની નંબર 2400969થી રજિસ્ટર થયેલ નોંધાયેલ બાંહેધરી દ્વારા મર્યાદિત કંપની.  આઈઝલ ઑફ મેન (Isle of Man) કંપની નંબર 4694F. રજિસ્ટર્ડ ઓફિસ: 89 Albert Embankment, London SE1 7UQ. VAT નં.: 668265007

અમે જે માહિતી આપીએ છીએ તે સચોટ અને અધતન છે તેની ખાતરી કરવા અમે તમામ પ્રયાસો કરીએ છીએ પરંતુ તમારી પરિસ્થિતિને અનુરૂપ નિષ્ણાત વ્યાવસાયિક સલાહના વિકલ્પ તરીકે તેના પર આધારિત રહેવું જોઈએ નહીં. જ્યાં સુધી કાયદા દ્વારા પરવાનગી છે, ત્યાં સુધી આ પ્રકાશનમાં સમાવિષ્ટ કોઈપણ માહિતી કે તેમાં સમાવિષ્ટ કે સંદર્ભિત તૃતીય પક્ષીય માહિતી અથવા વેબસાઈટના ઉપયોગ સંબંધમાં મેકમિલનની કોઇ જવાબદારી નથી.

Trusted Information Creator

Patient Information Forum